# અંબાજી મંદિર પરિસરના બેઝમેન્ટમાં હોલ બનાવાશે

## મીની થીયેટરમાં અંબાજી યાત્રાધામ સંબંધિત ફિલ્મ દર્શાવાશે : હોલમાં એક્ઝીબીશન ગેલેરી બનાવાશે : તત્કાલ દર્શન સેવા શરૂ કરવાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં બેઝમેન્ટ બનાવીને તેમાં એક હોલ અને મીની થીયેટર બનાવવામાં આવશે. જેમાં અંબાજી યાત્રાધામને સંબંધિત ફિલ્મ દર્શાવવા માટેનું આયોજન પ્રવાસન અને યાત્રાધામ વિભાગ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રવાસન વિભાગ સાથે સંકળાયેલ વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ પ્રવાસન વિભાગ દ્વારા પવિત્ર યાત્રાધામ અંબાજીના વિકાસ માટે તૈયાર કરાયેલ આયોજન અંગેનું એક પ્રેઝન્ટેશન રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં રજુ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં પ્રવાસન વિભાગ દ્વારા અંબાજીના વિકાસ માટે રજુ કરેલા પ્રેઝન્ટેશનમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે અંબાજી યાત્રાધામની આવકમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૧-૧૨ સુધીમાં લગભગ ૮૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૭-૦૮ થી યાત્રાળુઓની સંખ્યામાં પણ લગભગ ૫૦ ટકા જેટલો વધારો નોંધાયો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અંબાજી યાત્રાધામના વિકાસના વિવિધ પાસાઓ પૈકી સ્થાનકની આગળ આવેલા ચોકનું ક્ષેત્રફળ દસ હજાર ચો. ફૂટ જેટલુ વધારવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સ્થાનકની આગળ આવેલા સ્ટ્રક્ચરના કારણે મંદિર ઢંકાઈ જાય એવી જ સ્થિતિ હતી. તેને બદલે લો હેડ ફાઉન્ટેઈન બનાવીને દૂરથી પણ મંદિર દૃષ્ટિગોચર થાય તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વૈશ્નોદેવી મંદિરની જેમ અંબાજી મંદિર ખાતે પણ તત્કાલ દર્શનસેવા શરૂ કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે અને સ્ત્રી-પુરુષોની અલગ અલગ લાઈનોની સાથે વિકલાંગો માટે અલગ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. પરંપરા અને આધુનિકતાનો સમન્વય કરીને સુવિધાયુક્ત અને સુરક્ષાયુક્ત યાત્રાધામ વિકસાવાશે અને રાત્રીના સમયે મંદિર પરિસરને વધુ આકર્ષણ બનાવવા લાઈટીંગ ડેકોરેશનનું પણ આયોજન કરવામાં આવનાર છે.

પ્રેઝન્ટેશનમાં એવું જણાવાયું છે કે મંદિર પરિસરની ઉંચાઈ રોડ લેવલથી ૧૧ ફૂટ જેટલી રાખવામાં આવશે જેથી બેઝમેન્ટમાં એક વિશાળ હોલ ઉપલબ્ધ થઈ શકે. આ હોલમાં એક્ઝીબીશન અને મિની થીયેટર બનાવાશે અને તેમાં અંબાજી યાત્રાધામને સંબંધિત ફિલ્મ દર્શાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગેસ ગ્રીડની સ્થાપના માટે ૧૦ હજાર કરોડનું રોકાણ કરાયું

વડોદરા, તા. ૧૪

ગુજરાત એલએનજીનું હબ બનશે તેવી માહિતી આપતાં ઊર્જા અને પેટ્રો રસાયણ મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતે રાજ્ય વ્યાપી ગેસ ગ્રીડની સ્થાપના માટે રૂ. ૧૦ હજાર કરોડનું મૂડીરોકાણ કર્યું છે. પાઈપ લાઈન દ્વારા શહેરી-ગ્રામીણઘરોમાં ગેસ ઉપલબ્ધ કરાવીને ગુજરાત, ભારત સરકારને વાર્ષિક રૂા. ૫૦૦ થી ૭૦૦ કરોડની સબસીડીની, ૧.૩૭ લાખ જેટલા રાંધણ ગેસ બોટલ્સની બચત કરી આપે છે. હાલમાં રાજ્યમાં બે એલએનજી ટર્મીનલ્સ છે અને નવા બંધાઈ રહ્યા છે. જેના પગલે રાજ્યમાં હંમેશા ગેસ પુરવઠાની પૂરતી ઉપલબ્ધિની ખાતરી મળે છે.

રાજ્ય સરકાર સ્થાપિત જીએસપીસીએલ ટૂંકાગાળામાં દેશની સહુથી મોટી ગેસ ક્ષેત્રની કંપની બની છે. હાલમાં તેણે મહેસાણા-ભટીન્ડા-જમ્મુ કશ્મીર ગેસ પાઈપ લાઈનના નિર્માણની ચાવીરૂપ કામગીરી સ્વીકારી છે.



## ડીસામાં રાહત દરે ભોજન આપતા જલારામ ભોજનાલયનો શુભારંભ

ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં આવેલ જલારામ ભોજનાલયનો પુનઃ શુભારંભ થયો હતો. જેમાં મોટી સંખ્યામાં શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડીસા શહેરમાં નજીવા ચાર્જમાં ભોજન આપતા જલારામ ભોજનાલયનો પુનઃ શુભારંભ કરવામાં આવતાં લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. માત્ર રૂા.૨૦ માં ભોજન આપતી આ ભોજનાલય બનાસકાંઠા જીલ્લામાં પ્રખ્યાત છે. તે હાઈવે પર આવેલ હોવાથી લોકો તેનો બહોળો લાભ ઉઠાવતા હતા. તેનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થવાથી કેટલાક સમયથી બંધ હતી ત્યારે નવા કોન્ટ્રાક્ટ સાથે ફરી તેને શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે શારદાબેન ઠક્કરના વરદ હસ્તે ભોજનાલયને ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાનદાસ બંધુ, આસ્નાની સાહેબ, કનુભાઈ આચાર્ય, નરેશભાઈ ઠક્કર, ડૉ. જીવરાણી, આનંદભાઈ ઠક્કર, પ્રવિણભાઈ ઠક્કર, જસુભાઈ ઠક્કર, રજનીભાઈ તેમ જય જલારામ યુવા સંગઠન અને જલારામ મંદિરના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ ભોજન સમારંભમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## સિગરેટ-તમાકુ પર પ્રતિબંધિત લાદવા ખાસ ઝુંબેશ ચલાવાશે

વડોદરા, તા. ૧૪

વડોદરાના પોલીસ કમિશનર સતીષ શર્માના અધ્યપક્ષપદે સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોના વેચાણ અને પ્રચારને નિયંત્રિત કરતા સન ૨૦૦૩ના કાયદાના સઘન અમલીકરણ માટેની સિટી મોનિટરિંગ કમિટીની બેઠક શુક્રવારે પોલીસ ભવનમાં મળી હતી. તેમાં આ કાયાદાની શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની નજીક સિગારેટ અને તમાકુના ઉત્પાદનોની મનાઈ તેમજ વેચાણ કેન્દ્રો ખાતે સિગારેટ અને તમાકુની બનાવટોના વિજ્ઞાપનો મુકવાની બાબતમાં સંખ્યા અને માપ (સાઈઝ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનારાઓ સામે, સંબંધિત કાયદાની જોગવાઈઓ પ્રમાણે કડક પગલાં લેવાનો સંકેત આપવામાં આવ્યો હતો.

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોનું વેચાણ કરનારા વિક્રેતાઓ આ કાયદાની નિયમનકારી જોગવાઈઓ જાણે, સમજે અને તેનું ચુસ્તપણે પાલન કરે તેવો ખાસ અનુરોધ તેમમે કર્યો હતો.

## ડીસામાં ટ્રાફીક અંગે પોલીસ અને ડ્રાયવરો વચ્ચે પરિસંવાદ યોજાયો

ડીસા, તા. ૧૪

ડીસા શહેરમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ પ્રજાની મિત્ર બની રહે અને પોલીસ પ્રત્યે પૂર્વગ્રાહ ઓગળે તે માટે પોલીસ પ્રજાનો મિત્ર અંતર્ગત ડીસા મામલતદાર કચેરી ખાતે ડી.વાય.એસ.પી. એચ.આર. દેસાઈના અધ્યક્ષ સ્થાને પોલીસ અને ડ્રાયવરોનો પરિસંવાદ યોજાયો હતો. જેમાં ડી.વાય.એસ.પી. દેસાઈએ ડ્રાયવરોને ટ્રાફીક નિયમનો અમલ કરવા અને વ્યસન મુક્ત કરવા હીમાયત કરી હતી. પોલીસને સાથ સહકાર આપી અકસ્માત ઘટે તે રીતે ટ્રાફીકના નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું તેમજ શહેરમાં પાર્કીંગ સિવાય ગમે ત્યાં વાહન પાર્ક ન કરવા જણાવ્યું હતું અને ડ્રાયવરો ગુટખા, પાન - મસાલા, દારૂ જેવા વ્યસનો





છોડી રોગ મુક્ત બને તે માટે અનુરોધ કરી આજથી જ વ્યસન મુક્ત થવાનો સંકલ્પ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ડીસા ઉત્તર પોલીસ મથકના પી.આઈ. સુતરીયા, પી.એસ.આઈ. ગઢવી, પી.એસ.આઈ. આસોડીયા, ટ્રાફીક પી.એસ.આઈ. ચૌધરી, એ.એસ.આઈ. ગુલાબસિંહ, એ.એસ.આઈ. ચમનલાલ સહિત સ્ટાફ તેમજ તાલુકા ભરમાંથી રીક્ષા, જીપ સહિત ડ્રાઈવિંગના ધંધા સાથે સંકલાયેળા તમામ ડ્રાયવરો હાજર રહ્યા હતા.

## તલોદમાં ધોળા દિવસે મહિલાના ગળામાંથી અડધા લાખના દોરાની તફડંચી

તલોદ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે એક જ માસમાં મહિલાના ગળામાંથી સોનાનો દોરો આંચકી તોડી લઈ જવાનો બીજો કિસ્સો બનતા મહિલા વર્ગમાં દહેશતનો માહોલ પેદા થયો છે. આ બનાવને પગલે ફિલ્મી ઢબે દિન દહાડે સોનાના દોરાની તફડંચી કરી આમ ભાગી છુટતા બાઈક સવાર તત્વોની હિંમત હવે પોલીસની ઢીલી નીતિને કારણે વકરી હોય તેમ ભાસી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ મોડાસા માર્ગ ઉપર આવેલી વિદ્યુત બોર્ડની કચેરી નજીકથી થતા એક બાઈકને બે બાઈક ચાલકોએ નિશાન બનાવ્યું હતું. તલોદ તાલુકાના વક્તાપુર ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકા એવા રમીલાબેન નટુભાઈ પટેલ, પતિ નટુભાઈ પટેલ સાથે બાઈક ઉપર તલોદથી હિંમતનગર તરફ જવા નિકળ્યા હતા. ત્યારે વિદ્યુત બોર્ડ કચેરી પંથકમાં પાછળથી અન્ય બાઈક ઉપર આવેલ બે યુવાન નબીરાના કરતૂતનો તે ભોગ બન્યા હતા. ચાલુ બાઈકે જ બાઈકની પાછળની સીટ ઉપર બેઠેલા યુવાને દિલધડક ચિલઝડપ કરી દોરાને ખેંચી તોડીને હસ્તગત કરી લીધો હતો.

દોરો તોડી ગયાની જાણ તેમણે નટુભાઈને કરી હતી અને સહજભાવે કાગરોળ મચી જવા પામી હતી. લગભગ ૫૦ હજારની કિંમતનો સોનાનો દોરો આમ લુંટી જઈ આવેલ નબીરા પોતાના લાલ રંગના બાઈક ઉપર કોર્ટ આગળ થઈ ઉજેડીયા તરફના રોડ ઉપરથી ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. નટુભાઈએ તેમની પાછળ બાઈક દોડાવી કરેલો પ્રયત્ન ટ્રાફિકને કારણે અસફળ રહ્યો હતો જેથી અડધા લાખની મતા સાથે બાઈક સવાર શખ્સો બિન્દાસપણે પોતાના શિકારમાં સફળ થતા રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે તલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઈડરના લાલપુર પાસે જીપ ડાલુ પલટી ખાતા ૨ ના મોત ૧૭ને ઈજા

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાલપુર ગામ નજીક રવિવારે સવારે મજુરો ભરીને જઈ રહેલ જીપડાલુ અચાનક પલટી ખાઈ જતા સ્થળ પર બે ના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૭ જેટલા લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. બનાવ અંગે ઈડર પોલીસે મૃતકના ભાઈની ફરિયાદ આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે ઈડર પોલીસમથકના પીએસઆઈ કે.પી. મકવાણાએ જણાવેલ કે હિંમતનગર કોન્ટ્રાક્ટર ૨૦ થી ૨૨ મજુરોને જીપડાલા નંબર જીજે.૨૦.વી.૩૯૮ માં મુડેટી ગામે એસઆરપી ગ્રુપ ખાતે ધાબુ ભરવાના કામ અર્થે મજુરી કામે મજુરો જઈ રહ્યા હતા. દરમિયાન ઈડરથી ભીલોડા માર્ગ પર લાલપુર પાસે જીપડાલુ અચાનક પલટી ખાઈ જતા દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધારાડુંગર ગામનો આશરે ૨૫ વર્ષીય શૈલેષભાઈ પતનભાઈ ડામોર અને નાલીયાત ગામનો આશરે ૩૦ વર્ષીય નીલેશભાઈ જીથરાભાઈ મિસરતા બંનેના શરીરે ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યા હતા. જ્યારે સાત મહિલા ત્રણ બાળકો સહીત ૧૭ને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેમને ૧૦૮ દ્વારા ઈડર સિવિલમાં સારવાર માટે દાખલ કરાયેલ છે. જ્યાંથી વધુ સારવાર માટે ૧૧ ઈજાગ્રસ્તોને હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તો અને મૃતકો મૂળ રહેવાસી દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધારાડુંગર અને નડીયાત ગામના છે અને હાલ હિંમતનગર રહે છે. ઈડર પોલીસે ઈડર સિવિલમાં પહોંચીને મૃતકના ભાઈની ફરિયાદ આધારે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## દાંતીવાડા ખાતે વૃક્ષારોપણ અને બનાસ નદીના વધામણા કાર્યક્રમ યોજાયો



દાંતીવાડા, તા. ૧૪

દાંતીવાડા તાલુકાના ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તેમજ કાર્યકરો દ્વારા બનાસ નદીના વધામણા તેમજ દાંતીવાડા પાંથાવાડા હાઈવે પરના એક ખેતરમાં વૃક્ષારોપણ કરાયું હતું. અને સાથે સાથે ઉત્તરાખંડ પીડિતો માટે ફાળો એકત્રિત કરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા ભાજપ તાલુકા પ્રમુખ બાબુભાઈ મોદીની આગેવાની હેઠળ દાંતીવાડા તાલુકામાં આવેલી બનાસ નદીના નીરના વધામણા કરવામાં આવ્યા હતા. નદીને વધાવવાની એક પરંપરા જે વરસોથી ચાલી આવતી હતી જે પરંપરા દિન પ્રતિદિન લોકો ભુલી ગયા હતા. પરંતુ ગઈકાલે એ પરંપરાને ભારતીય જનતા પાર્ટીના હોદેદારોએ જીવંત કરી લોકોમાં લાગણી વ્યક્ત કરી છે, ત્યારબાદ દાંતીવાડા ત્રણ રસ્તા અને બનાસ નદીના પુલના વચ્ચે આવેલા મોદી ફોરમમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જ્યાં અંદાજીત ૩૦૦ છોડ લગાવવામાં આવ્યા હતા અને ત્યાર બાદ ઉત્તરાખંડમાં જે લોકો કુદરતની આપત્તીનો ભોગ બન્યા છે તેવા પીડીતો માટે ફાળો એકત્રિત કરવા કાર્યકરો ચાલુ વરસાદે પાંથાવાડા, દાંતીવાડા અને કોલોનીની દુકાને દુકાને ફર્યા જે જોઈ લોકો પણ લાગણીભેર તેમની સાથે ફરવા લાગ્યા હતા અને લોકો દ્વારા ભાજપ જિંદાબાદના નારા બોલવામાં આવ્યા હતા. ગઈકાલના પુરા દિવસ દરમિયાન સવારથી સાંજ સુધી તાલુકા પ્રમુખ ઈશ્વરસી સોલંકી, પૂર્વ તાલુકા પ્રમુખ કરશન પત્રોડ, પૂર્વ તાલુકા પ્રમુખ ઈશ્વર ભુતડીયા, પૂર્વ તાલુકા પ્રમુખ હરજી ભુતડીયા, પૂર્વ તાલુકા પ્રમુખ આહજી પરમાર, તાલુકા મહામંત્રી નટુ ચૌધરી, કારોબારી ચેરમેન પ્રવીણ જોષી, સામાજિક ન્યાય મસિતિ ચેરમેન હેમરાજ ગોહિલ અને હોદ્દેદારોની જીભ અને કાર્યકરોના પગ એવા કાર્યકરો સરદાર ભટોળ, હીરજી ગાલવાડીયા, રમેશ દરજી, જેન્તી મોદી, વરસાદમાં પલળવાની અને ચાલવાની આળશ ન રાખી હતી અને સેવા કાર્યમાં જોડાયા હતા.

## પોલીસે દારૂ પીને ડાન્સ કરતા નબીરાઓને ઝડપ્યા

અમદાવાદ, તા. ૧૪

ચોમાસું બરોબર જામ્યું છે અને શહેરમાં જાણે કે બારેમેઘ ખાંગા થયા છે. ત્યારે જ વાસણા સ્વામીનારાયણ પાર્કના ધાબે ચઢીને ચાર દારૂડિયા વરસતા વરસાદમાં દારૂ પીને ડાન્સ કરતા હતા. તેમનું નાટક જોવા માટે આજુબાજુના લોકો પણ ધાબે ચઢી ગયા હતા. જો કે આ બાબતે પોલીસને જાણ થતાં વેજલપુર પોલીસે તેમને ઝડપી લીધા હતા. દંડા લીધા વગર આવેલી પોલીસ દારૂડિયાને મારવા સાવરણી લઈને દોડતાં સૌને આશ્ચર્ય થયું હતું.

વાસણામાં નવનિર્મિત સ્વામિનારાયણ પાર્ક-૩માં રહેતો સુમિતસિંઘ જબ્બરસિંઘ પનવાર (ઉ.૨૮) અને તેના મિત્રો નરેન્દ્ર કનૈયાલાલ સોની, ધીરજ કિશન બહાદુર તથા અંકુર આ વરસાદમાં પાર્ટી કરવા માટે તેના ઘરે ભેગા થયા હતા. વરસતા વરસાદમાં ચારેય મિત્રો દારૂની બોટલો લઈને ધાબે ચઢી ગયા હતા અને ભીંજાતા ભીંજાતા ડાન્સ સાથે દારૂની સીપ મારતા હતા. જેમનું આ નાટક જોવા માટે આજુબાજુના ફ્લેટના લોકો પણ ભેગા થઈ ગયા હતા. પરંતુ તેમની હરકતો વધી જતાં સ્થાનિકોએ પોલીસને ફોન કરતાં વેજલપુર પોલીસે આવીને તેમને દારૂની ચાર બોટલ સાથે ઝડપી લીધા હતા. જો કે દંડા લીધા વગર આવેલી પોલીસ દારૂડિયાને મારવા માટે સાવરણી લઈને દોડી હતી.

ફરી વળી છે. ભચાઉમાં અંદાજે ૬ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે મધ્ય ગુજરાતના ભરૂચ તથા આસપાસના વિસ્તારોમાં પણ ૬ ઈંચ જેટલો વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ભચાઉમાં તો લોકો રસ્તા પર આવી જઈને મન મૂકીને નાહ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE — બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ — ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD
ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601